પ્રિય માતાપિતા, વાલીઓ અને સંભાળ રાખનારાઓ,

છેલ્લા એક વર્ષથી વધુ સમયથી, અહીં ટોરોન્ટો સહિત વિશ્વમાં કોવિડ -19 પ્રભુત્વ ધરાવે છે. પરંતુ રોગચાળાના પરિણામે ભારતમાં અત્યારે જે વિનાશ સર્જાઇ રહ્યો છે તે સમજી ન શકાયુ એવું છે કારણ કે વાયરસ વિશ્વના બીજા ક્રમના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશને બરબાદ કરી રહ્યો છે.

અમારાં હૃદય અને વિચારો અમારા દક્ષિણ એશિયાના વિદ્યાર્થીઓ, કર્મચારીગણ અને પરિવારો સાથે છે જેઓ આ કટોકટીથી અપ્રમાણસર રીતે અસર પામી રહ્યા છે, જે આ ભયાનક ત્રીજા મોજાની વૃદ્ધિ દરમિયાન વિક્રમસર્જક ચેપ અને મૃત્યુને જોઈ રહ્યા છે. મને કોઈ શંકા નથી કે પરિવાર અને મિત્રોથી આટલા બધા દૂર રહેવું એ દુઃખદાયક અને શક્તિહીન કરી દેનારું છે. કૃપા કરીને જાણશો કે અમે તમને જોઇ રહ્યા છીએ અને અમે કરી શકીએ એવી કોઇપણ રીતે તમને ટેકો કરવા હાજર છીએ.

નીચે એવાં સંસાધનો અને સેવાઓની યાદી આપી છે જે તમે સુલભ કરી શકો છો. કૃપા કરીને અમારી માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીની ટીમમાંથી કોઈની સાથે વાત કરવા માટે અમારા વર્ચ્યુઅલ ઓફિસ કલાકોમાં જોડાવ અથવા તમારા બાળકની શાળા સાથે જોડાવ જે આ પડકારજનક સમય દરમિયાન થોડી સહજતા પ્રસ્તુત કરવામાં મદદ કરી શકે.

અમે આશા રાખીએ છીએ કે કેનેડા દ્વારા તાત્કાલિક તબીબી સહાયતાના યોગદાન સહિતના આપણા વૈશ્વિક સમુદાયના ટેકા દ્વારા, ભારત આ માનવતાવાદી સંકટમાંથી બહાર નીકળવામાં સક્ષમ થશે. આપણો TDSB સમુદાય તમારી સાથે ઉભો છે અને સમુદાય તરીકે આ વર્ષે આપણે ગુમાવેલા તમામ માટે તમારી સાથે દુઃખ વ્યક્ત કરે છે.

Alexander Brown
Chair of the Board
ચેર ઓફ ધી બોર્ડ

Karen Falconer
Interim Director of Education
ઇન્ટેરિમ ડિરેક્ટર ઓફ એજ્યુકેશન

**દક્ષિણ એશિયાઇ સમુદાય માટે માનસિક આરોગ્ય અને સુખાકારી અંગે સહાય**

- University Health Network - Asian Mental Health યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક – એશિયન મેન્ટલ હેલ્થ
- HONG FOOK હોંગફુક
- Community Family Services Ontario કોમ્યુનિટી ફેમિલી સર્વિસિસ ઓન્ટારિઓ
- Muslim Family and Child Services મુસ્લિમ ફેમીલી એન્ડ ચાઇલ્ડ સર્વિસિસ
- ICNA RELIEF CANADA ICNA રિલીફ કેનેડા
- South Asian Canadians Health and Social Services – SACHSS સાઉથ એશિયન કેનેડિઅન્સ હેલ્થ એન્ડ સોશ્યલ સર્વિસિસ SACHSS

Toronto District School Board

- COVID-19 Helpline for South Asians in the GTA COVID-19 હેલ્પલાઇન ફોર સાઉથ એશિયન્સ ઇન ધ GTA
- Mental Health Toronto મેન્ટલ હેલ્થ ટોરન્ટો
- Centre For Addiction And Mental Health (CAMH) સેન્ટર ફોર એડિક્શન એન્ડ મેન્ટલ હેલ્થ (CAMH)
- South Asian Women's Centre સાઉથ એશિયન વિમેન્સ સેન્ટર
- South Asian Mental Health Resources (SOCH) સાઉથ એશિયન મેન્ટલ હેલ્થ રિસોર્સિસ (SOCH)